પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૭૪ | ૪ સપ્ટેમ્બર, ૨૦૧૯, બુધવાર; ભાદરવા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# શેરબજાર ધરાશાયી : ૭૭૦ અંકનું ગાબડું

**સેંસેક્સ અફડાતફડી અને નિરાશા વચ્ચે ૩૬૫૬૩ની સપાટીએ : નિફ્ટી પણ ૨૨૫ પોઇન્ટ ઘટીને ૧૦૭૯૭ની નીચી સપાટી પર : બીએસઈમાં ૨૮ કંપનીઓ અને એનએસઈમાં ૪૮ કંપનીઓના શેરમાં વેચવાલીનું મોજુ : યસ બેન્ક, એચસીએલ ટેક, ટીસીએસ, હીરોમાટોકોર્પ, ઈન્ફોસિસમાં તેજી, પીએસબી શેર્સ તૂટ્યા : રોકાણકારોના લાખો રૂપિયા સ્વાહા, ટાટા મોટર્સ, આઈસીઆઈસીઆઈ બેંક, એનટીપીસી, ઓએનજીસીમાં મંદી : મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ગ્રોથ ઓગસ્ટમાં ઘટીને ૧૫ મહિનાના નીચલા સ્તરહ : મેટલ, સિમેન્ટ, ઓઈલ-ગેસ, પાવર અને ફાર્મા સેક્ટર ૨.૫થી ૩ ટકા ઘટ્યા**



મુંબઈ, તા. ૩

નાણાંકીય વર્ષ ૨૦૨૦ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે જીડીપી ગ્રોથ અપેક્ષા કરતા નબળો રહ્યા બાદ મૂડીરોકાણકારો હચમચી ઉઠ્યા છે. આજે શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ જતાં ખળભળાટ મચી ગયો હતો. સ્થાનિક ઈક્વિટીમાં બે ટકાથી પણ વધુનો ઘટાડો રહ્યો હતો. આ ઉપરાંત વૈશ્વિક બજારોમાં પણ તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. આજે કારોબારના અંતે સેંસેક્સ ૭૭૦ પોઈન્ટ ઘટીને ૩૬૫૬૩ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. સેંસેક્સના ૩૦ શેર પૈકી ૨૮ શેરમાં મંદી રહી હતી જ્યારે માત્ર બે શેરમાં તેજી રહી હતી. આવી જ રીતે એનએસઈમાં બેચમાર્ક નિફ્ટીમાં ૨૨૫ પોઈન્ટનો ઘટાડો નોંધાતા તેની સપાટી ૧૦૭૯૮ સુધી નીચે પહોંચી હતી. બેંક નિફ્ટીમાં ૬૦૪ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૨૬૮૨૪ નોંધાઈ હતી. માર્કેટ બ્રીડ્થ આજે નકારાત્મક રહી હતી. બીએસઈમાં ૨૬૦૮ શેર પૈકી ૮૧૪ શેરમાં તેજી અને ૧૬૧૫ શેરમાં મંદી રહી હતી. ૧૭૯ શેરમાં યથાસ્થિતિ રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૨૨૨ પોઈન્ટનો ઘટાડો નોંધાતા તેની સપાટી ૧૩૨૪૬ રહી હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧૬૫ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૨૩૭૦ નોંધાઈ હતી. સેકટરલ મોરચા પર તમામ ઈન્ડેક્સમાં મંદી રહી હતી. પીએસયુ બેંક ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો પાંચ ટકાનો રહ્યો હતો. મેટલ અને રિયાલીટી ઈન્ડેક્સમાં પણ મોટો ઘટાડો રહ્યો હતો. વ્યક્તિગત શેરોમાં આઈડીબીઆઈ બેંકના શેરમાં ૧૦ ટકાનો ઉછાળો રહ્યો હતો. સરકાર અને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન દ્વારા આઈડીબીઆઈ બેંકમાં ૯૨૫૭ કરોડ રૂપિયાની

● અનુસંધાન પાન-૭ પર

## આધુનિક અપાચે હેલિકોપ્ટર ઈન્ડિયન એરફોર્સમાં સામેલ

**ભારતની હવાઈ તાકાતમાં અનેકગણો વધારો થયો : પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર અને અન્ય આતંકવાદી અડ્ડાઓ પર વધુ તાકાતની સાથે ત્રાટકી શકાશે : અહેવાલ**



નવીદિલ્હી,તા. ૩

દુનિયાની ચોથી સૌથી શક્તિશાળી વાયુ સેના ગણાતી ભારતીય એરફોર્સે દુશ્મનને હવામાં તોડી પાડવાની તાકાતમાં વધારે શક્તિ હાંસલ કરી લીધી છે. દુનિયાના સૌથી શક્તિશાળી એટેક હેલિકોપ્ટર અપાચેને મંગળવારના દિવસે હવાઈ દળમાં સામેલ કરી લેવામાં આવ્યા છે. અમેરિકી હવાઈ દળના કાફલામાં સામેલ એએચ-૬૪ઈ અપાચે હેલિકોપ્ટરને હવાઈ દળના વડા બીએસ ધનોવાની ઉપસ્થિતિમાં પઠાણકોટ એરબેઝમાં સામેલ કરવામાં આવ્યા હતા. ભારતીય હવાઈ દળને બોઈંગ કંપની પાસેથી ૨૨ એએચ-૬૪ઈ અપાચે હેલિકોપ્ટર મળનાર છે જેનો પ્રથમ કાફલો આવી પહોંચ્યો છે. આગામી વર્ષ સુધી ત્રણ ઈન્સ્ટોલમેન્ટમાં તમામ ૨૨ વિમાન મળી જશે. દુશ્મને ધુળ ચટાડી દેવા માટે ભારતીય હવાઈ દળની પાસે અન્ય યુદ્ધવિમાનો રહેલા છે. ઉડતી ટેન્કના નામથી લોકપ્રિય બોઈંગના અપાચે ગાર્જિયન હેલિકોપ્ટર ભારતીય સેનાના ટેન્ક યુદ્ધમાં મહારથી

● અનુસંધાન પાન-૭ પર

# નવી મુંબઈના ઓએનજીસી પ્લાન્ટમાં પ્રચંડ આગ

**ભીષણ આગમાં સાતથી વધુ લોકોના મોત : પ્લાન્ટ ખાતે આગ લાગી ત્યારે મોટી સંખ્યામાં લોકો કામ કરી રહ્યા હતા : બે કિમી વિસ્તારને ખાલી કરાવવા ફરજ**



મુંબઈ,તા. ૩

નવી મુંબઈના ઉરણ સ્થિત ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશનના ગેસ પ્લાન્ટમાં આજે સવારે પ્રચંડ આગ ફાટી નિકળતા ઓછામાં ઓછા સાત લોકો ભડથુ થઈ ગયા છે. અનેક લોકો આગની ઘટનામાં દાઝી પણ ગયા છે. બનાવની જાણ થતા તમામ સંબંધિત લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. દાઝી ગયેલા લોકોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડી દેવામાં આવ્યા હતા. ભીષણ આગની ઘટનામાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. કેટલાક લોકો અંદર ફસાયા બાદ તેમને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આગની ઘટના બન્યા બાદ પોલીસે સાવચેતીના પગલારૂપે બે કિલોમીટર સુધીના વિસ્તારમાં રહેતા લોકોને દુર ખસેડી લીધા હતા. દાઝી ગયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### યુપીમાં વીજળી મોંઘી

યુપીમાં હવે વીજળી ૧૨ થી ૧૫ ટકા મોંઘી થઈ છે. નવા દરોનું એલાન કરવામાં આવ્યુ છે. ઘરેલુ વીજળીના દરો ૧૨ ટકા સુધી વધારાયા છે. જ્યારે ગ્રામીણ ક્ષેત્રોમાં ૧૫ ટકા સુધીનો વધારો થયો છે.

### ક્રિકેટર મિતાલીરાજની ટી-ટ્વેન્ટીમાંથી નિવૃતિ

મહિલા ક્રિકેટની દિગ્ગજ ખેલાડી અને ભારતીય વન ડે ટીમની કેપ્ટન મિતાલી રાજે ટી-૨૦માંથી નિવૃતિ લીધી છે. તેઓ વનડેમાં રમવાનુ ચાલુ રાખશે. ૨૦૨૧ના વનડે વર્લ્ડકપ પર ધ્યાન કેન્દ્રિત કરવા તેઓએ ટી-૨૦માંથી નિવૃતિ લીધી છે.

### પાક. જીવનરક્ષક દવાઓની આયાત કરશે

કાશ્મીર મુદ્દે પાકિસ્તાને વ્યાપારિક સંબંધો રદ કર્યા હતા. જોકે આ નિર્ણયને હજુ એક માસ જેટલો સમય થયો નથી ત્યાં જ પાકિસ્તાને ભારતથી આયાત કરવી જ પડે તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે. જીવનરક્ષક દવાઓના આયાતની મંજૂરી નાછૂટકે પાકને આપવી જ પડી છે.

### બાબરી મસ્જીદના પક્ષકાર પર હુમલો

અયોધ્યા મામલાના મુસ્લિમ પત્રકાર ઈકબાલ અંસારી પર આંતરરાષ્ટ્રીય શૂટર વર્તિકાસિંહે અચાનક જ હુમલો કર્યો હતો. પોલીસે વર્તિકાસિંહની અટકાયત કરી હતી. રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધવામાં આવી છે.

# ચિદમ્બરમને પાંચમી સપ્ટેમ્બર સુધી સીબીઆઈ કસ્ટડીમાં રખાશે

**તિહાર જેલમાં જવાથી ચિદમ્બરમ બચી ગયા પણ સમસ્યા અકબંધ : ટ્રાયલ કોર્ટમાં જામીન માટે અરજી પર સુનાવણી કરાશે નહીં : સુપ્રીમની સ્પષ્ટ વાત**

નવીદિલ્હી, તા. ૩

પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમને આજે પણ કોર્ટમાંથી કોઈપણ પ્રકારની રાહત મળી ન હતી. આઈએનએક્સ મિડિયા મની લોન્ડરિંગ કેસમાં કોર્ટે ચિદમ્બરમને રાહત આપવાનો આજે ઈન્કાર કરી દીધો હતો. હવે પાંચમી સપ્ટેમ્બર સુધી ચિદમ્બરમને સીબીઆઈ કસ્ટડીમાં રહેવાની ફરજ પડશે. જો કે, ચિદમ્બરમને તિહાર જેલમાં જવાથી હાલમાં રાહત મળી ગઈ છે. સુપ્રીમ કોર્ટે હાલમાં આ સમગ્ર મામલામાં યથાસ્થિતિ જાળવી રાખવા સીબીઆઈને આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે એવો આદેશ પણ કર્યો છે કે, પાંચમી સપ્ટેમ્બર સુધી ચિદમ્બરમના વકીલ નિચલી કોર્ટમાં રાહત માટેની અપીલ કરી શકશે નહીં. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સીબીઆઈને વધુ કસ્ટડી મળી ગઈ છે. સીબીઆઈ કોર્ટે પણ પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમની કસ્ટડી પાંચમી સુધી વધારી દીધી હતી. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે, કોંગ્રેસી નેતા ચિદમ્બરમની સીબીઆઈ કસ્ટડી પાંચમી સપ્ટેમ્બર સુધી જારી રહેશે. પી ચિદમ્બરમના વકીલ ટ્રાયલ કોર્ટમાં જામીન માટે અરજી કરી શકશે નહીં. પાંચમી સપ્ટેમ્બરના દિવસે ઈડી આ મામલામાં આગોતરા જામીનની અરજી ઉપર સુપ્રીમ કોર્ટ ચુકાદો આપી શકે છે. સીબીઆઈ કોર્ટે પણ સુપ્રીમ કોર્ટના આદેશને માન્ય રાખીને ચિદમ્બરમની કસ્ટડીને વધારી દીધી હતી.

# છત્તિસગઢના પૂર્વ મુખ્યમંત્રી અજિત જોગીના પુત્ર અમિતની ધરપકડ

**છેતરપિંડી અને ફોર્જરીના આરોપો કરાયા : પોતાના જન્મસ્થળ અને જન્મવર્ષને લઇને ખોટી માહિતી આપવાનો આરોપ : આવાસ પરથી પોલીસ દ્વારા ધરપકડ**

બિલાસપુર,તા. ૩



છત્તિસગઢના પૂર્વ મુખ્યપ્રદાન અને અજિત જોગીના પુત્ર અમિત જોગીની છેતરપિંડી અને ફોર્જરીના આરોપસર આજે સવારે ધરપકડ કરી લેવામાં આવી હતી. છત્તિસગઢના બિલાસપુરમાં અમિત જોગીની તેમના આવાસ પર ધરપકડ કરવામાં આવી હતી. સવારમાં સ્થાનિક પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. અમિત જોગી પર પોતાના જન્મસ્થળ અને જન્મ વર્ષને લઈને ખોટી માહિતી આપવાનો આરોપ કરવામા ંઆવ્યો છે. એસપી (ગ્રામીણ) દ્વારા કહેવામાં આવ્યુ છે કે તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આપના ધારાસભ્ય અલકા લાંબા સોનીયા ગાંધીને મળવા પહોંચ્યા

ન્યુ દિલ્હી,તા.૩

કોંગ્રેસના અંતરિમ અધ્યક્ષ સોનિયા ગાંધીને આમ આદમી પાર્ટીના બળવાખોર ધારાસભ્ય અલકા લાંબા મળવા પહોંચ્યા છે. અલકા લાંબા જલ્દી જ કોંગ્રેસમાં સામેલ થઈ શકે છે. ચાંદની ચોક વિધાનસભા બેઠકથી ધારાસભ્ય અલકા લાંબા દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ સતત ટ્વિટ કરી બળવાના સંકેત આપી રહ્યા છે.

અલકા લાંબા રવિવારે આમ આદમી પાર્ટીથી રાજીનામુ આપવાની વાત કરી રહી હતી. એમણે ટ્વિટ કરી પાર્ટીથી રાજીનામુ આપવાની વાત કહી હતી. પોતાના ટ્વિટમાં અલકા લાંબાએ કહ્યું, આમ આદમી

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ**



**સ્વ. મનીષભાઈ દશરથભાઈ અમીન**

**જન્મ** તા. ૧૮.૧૦.૧૯૬૮ । **સ્વર્ગવાસ** તા. ૦૪.૦૯.૨૦૧૮

દિલમાં કોઈની યાદનાં પગલાં રહી ગયાં,
ઝાકળ ઉડી ગયું અને ડાઘા રહી ગયાં.
એક વર્ષની હર એક ક્ષણ આપના સ્મરણમાં વિતી છે.
આપની યાદો જ અમારું આશ્વાસન અને અમારો આશરો છે.
આપના સાંનિધ્ય અને સહવાસમાં વિતેલા સમયને વાગોળતા
અમારે મન આપની સ્મૃતિનો સથવારો મોટો છે.

પ્રથમ પુણ્યતિથિએ
આપને સ્નેહપૂર્વક સ્મરણાંજલિ અર્પીએ છીએ...

**મુકુંદભાઈ કનુભાઈ પટેલ**
**રોહિતભાઈ કનુભાઈ પટેલ**

**ભાવિન મુકુંદભાઈ પટેલ** (પનઘટ કલા કેન્દ્ર-ગાંધીનગર) **સૌમ્ય ભાવિન પટેલ**

**પ્રતિક રોહિતભાઈ પટેલ** (રંગોલી પ્રી. સ્કુલ-ગાંધીનગર) **સ્મિત પ્રતિક પટેલ**

PARAM